# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/230 Dt. 05/12/2025

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બરના લેડીઝ વીંગે સુરત પોલીસ કન્ટ્રોલ રૂમની વિઝીટ લીધી

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના લેડીઝ વીંગના ચેરપર્સન શ્રીમતી મયુરીબેન મેવાવાલા, વાઇસ ચેરપર્સન શ્રીમતી અલ્પાબેન મદ્રાસી સહિતના સભ્યોએ સોમવાર, તા. ૨૪ નવેમ્બર, ૨૦૨૫ના રોજ સુરત શહેર પોલીસના કન્ટ્રોલ રૂમની મુલાકાત લીધી હતી. આ મુલાકાત તેમના માટે અત્યંત માહિતીસભર સાબિત થઈ હતી. ટ્રાફિક વિભાગના અધિકારીઓએ ટ્રાફિક મેનેજમેન્ટ, રોડ સેફટી અને ક્રાઇમ પ્રિવેન્શન જેવા મહત્વપૂર્ણ વિષયો પર વિસ્તૃત જાણકારી આપી હતી.

ટ્રાફિક પોલીસ દ્વારા ચેમ્બરની લેડીઝ વીંગના સભ્યોને શહેરના ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમ્સ વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા. તેમને ટ્રાફિક સિગ્નલનું સંચાલન, સી.સી.ટી.વી. દ્વારા દેખરેખ તેમજ ટ્રાફિક ફલો કેવી રીતે મોનિટર કરવામાં આવે છે તે અંગે સમજણ આપવામાં આવી હતી. સાથે જ ટ્રાફિક નિયમોના ભંગ અંગે ચલાન પ્રક્રિયા કેવી રીતે કરવામાં આવે છે તેની પણ વિગતવાર જાણકારી આપવામાં આવી હતી.

લેડીઝ વીંગના સભ્યોને ટ્રાફિક પોલીસ દ્વારા થતા ક્રાઇમ ઇન્વેસ્ટિગેશન, ખાસ કરીને અકસ્માતો અને હિટ એન્ડ રન કેસોમાં હાથ ધરાતી તપાસ પ્રક્રિયા વિશે પણ માહિતગાર કરવામાં આવ્યા હતા. ફોરેન્સિક પુરાવા, ટેકનિકલ એનાલિસિસ અને સાક્ષીઓના નિવેદનો દ્વારા કેસ કેવી રીતે ઉકેલવામાં આવે છે તે અંગે પણ સમજણ આપવામાં આવી હતી. સભ્યોને રોડ સેફટી અને વ્યક્તિગત સુરક્ષા અંગે મહત્વપૂર્ણ સૂચનો આપવામાં આવ્યા હતા. મુસાફરી દરમિયાન ફોન અને કિંમતી વસ્તુઓ સુરક્ષિત રાખવી, આજુબાજુની પરિસ્થિતિ પ્રત્યે સજાગ

રહેવું તેમજ ડ્રાઇવિંગ દરમિયાન કોઈપણ પ્રકારના વિઘનોથી દૂર રહેવાની સલાહ આપવામાં આવી હતી. લેડીઝ વિંગના સભ્યો માટે આ મુલાકાત અત્યંત ઉપયોગી અને જ્ઞાનવર્ધક સાબિત થઈ હતી. ટ્રાફિક નિયંત્રણ, સુરક્ષા અને જાગૃતિ અંગે તેઓ નવી માહિતી મેળવી શકયા હતા.